**નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨**

"સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત.

રૂ.૧૬,૪૨,૪૦,૧૫૦/-

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/PRC/e-file/17/2023/1807/H Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૦૩/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૧૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક:હસલ/૧૨૨૦૨૧/૧૩૫૭૪/હ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૫/૧૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૩/૬૨૧૩-૬૨૧૪

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩૧/૦૧/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૪/૩૪૦

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ ક્રમાંક:-(૧) પરના વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૧ ના ઠરાવથી "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે રૂ.૧૨૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમાંક:-(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૫/૧૨/૨૦૨૩ ના પત્રથી "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની રૂ.૧૨૦૦.૦૦ લાખ ઉપરાંતની વધારાની રૂ.૪૫૨.૪૧ લાખ એમ કુલ રૂ.૧૬,૫૨,૪૦,૧૫૦/-ની સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:-(૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રથી સદરહુ રકમ કલેક્ટરશ્રી, વડોદરા હસ્તક ફાળવવા અંગેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Mar-2024 (11:30 AM)

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા રજૂ કરેલ રૂ.૧૬,૫૨,૪૦,૧૫૦/- ના સુધારેલા અંદાજો સામે ઇનોગ્રેશન ખર્ચમાં રૂ.૧૦.૦૦ લાખના ઘટાડા બાદ કુલ રૂ.૧૬,૪૨,૪૦,૧૫૦/- ની સુધારેલી વહીવટી મંજૂરી મૂળ વહીવટી મંજૂરીની શરતોને આધિન આપવામાં આવે છે. તેમજ સદરહુ રકમ કલેક્ટરશ્રી, વડોદરા હસ્તક ફાળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત ઠરાવ આ વિભાગની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૨/૨૦૨૪ ની નોંધ તથા માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૧/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Mar-2024 (11:30 AM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(3) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.
(૧૩) સિલેક્ટ ફાઇલ-૨૦૨૪